ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



આનલ મનીષકુમાર મકવાણા
મો. ૯૩૨૭૦ ૫૬૪૨૩



દેવાંશી ગોપાલજી ઠાકોર

# કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટલ કોલેજ ખાતે 'હલ્લાબોલ'





ગાંધીનગર, તા. ૧૦

મહિલાઓમાં આત્મવિશ્વાસ, નિર્ભયતા અને નિડરતાના ગુણો આવશે, તો સમાજમાં આમૂલ પરિવર્તન આવશે તેવું રાજ્યપાલ ઓ.પી. કોહલીએ શુક્રવારે કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટલ કોલેજ, ઉવારસદ ખાતે યોજાયેલ હલ્લાબોલ સેસન-૨ ના સમારંભમાં જણાવ્યું હતું. મહિલાઓની સુરક્ષા-સલામતી, આત્મ રક્ષણ, સાયબર સેફ્ટી, ડ્રગ ફ્રી અને હેલ્ધી લાઈફ અંગેના હલ્લાબોલ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, પુરૂષ પ્રધાન સમાજના પુરૂષોએ નારી-મહિલાઓને જોવાનો દષ્ટીકોણ બદલવો ખૂબ જ જરૂરી છે. આમ થશે તો જ મહિલાઓની સુરક્ષા સામેના અનેક પ્રશ્નનો આપોઆપ ઉકેલ આવી જશે.

સુરક્ષા અને સલામતીનું કામ માત્ર સરકાર અને પોલીસનું જ નથી, તેવું કહી રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે દરેક નાગરિક વર્ધી વિનાનો પોલીસ અને દરેક વર્ધીવાળો પોલીસ નાગરિક બનશે, તો સલામત હોવાનો અહેસાસ સૌ કોઈ કરી શકશે. મનુષ્યમાં રહેલ નકારાત્મક પ્રવૃત્તિઓના ગુણોને ભય દેખાડીને અથવા જાગૃતિ લાવીને દૂર કરી શકાય છે.

શિક્ષણ થકી સારા વિચારો, ગુણોનું સિંચન બાળકો-યુવાનોમાં કરી શકાય છે. તેવું કહી રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સર્વે વિદ્યાર્થીઓને ગીતાના ૧૬મા અધ્યાયને વાંચવાનો અનુરોધ કર્યો હતો. ૧૬મા અધ્યાયમાં કહેવામાં આવેલ મનુષ્યના દેવી અને અસુરી ગુણોની રસપ્રદ વાત કરીને ક્યા ક્યા અસુરી ગુણો જીવનમાંથી દૂર કરવા અને ક્યા દેવીગુણોનો જીવનમાં પાલન કરવા જરૂરી છે, તેની વિસ્તૃત સમજ આપી હતી.

વિશ્વના સૌથી યુવા એવા ભારત દેશના યુવાનોમાં ઉમદા વિચારો, જાગૃતિ, આત્મવિશ્વાસ અને નીડરતાને ઉજાગર કરવામાં આપણે સૌ સફળ રહીશું, તો દેશ અનેક ક્ષેત્રોમાં વિશ્વગુરૂ બનશે.

આ પ્રસંગે વજ્ર ઓફ ફોર્સ એમ્પ્રુવમેન્ટ ફાઉન્ડેશનના રૂઝાન ખંભાતાએ યુવતીઓને પોતાની જાતનું રક્ષણ કેવીરીતે કરવું અને અન્યાય સામે અવાજ ઉઠાવવા ભારપૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત અમદાવાદ મહાનગર પાલિકાના મેયર ગૌતમ શાહ, નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો ઓફ ઈન્ડિયાના ઝોનલ ડાયરેક્ટર હરિઓમ ગાંધી, કરાઈ યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. હરિબીન અરોરાએ પ્રસંગોનુસાર પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના અંતે કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટલના સીઈઓ ડૉ. દિપકભાઈ શિશુએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના ચેરમેન ડૉ. નિતીન સુમન શાહ, આર્ટ ઓફ લિવીંગ ગુજરાતના પ્રમુખ મયંક પટેલ, ડેન્ટલ કોલેજના વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

જ્યારે જિંદગી સમુદ્રમાં ધકેલે છે ત્યારે સમય તરવાનું શીખવી દે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાર બાર દેખો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
એક કહાની જુલી કી (એ)
૧૦.૦૦, ૧૨.૩૦
રોંગ સાઈડ રાજુ (ગુજરાતી)
૬.૩૦
તુ તો ગયો (ગુજરાતી)
૩.૩૦. ૯.૩૦

**સ્ક્રીન-૫**
બાર બાર દેખો
સવારે ૧૦.૦૦
અકિરા
૧.૦૦, ૭.૦૦
ફિકી અલી
૪.૦૦, ૧૦.૦૦

# પી. કે. ચૌધરી મહિલા કૉલેજમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૦

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. વોલન્ટિયર્સ મોટી સંખ્યામાં જોડાઈ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભરતસિંહ રાવે જણાવ્યું હતું કે પર્યાવરણની જાળવણી માટે કોલેજના શિક્ષિત યુવાનો અને યુવતીઓ જાગૃત બને અને વૃક્ષારોપણના આ પ્રતીકાત્મક કાર્યક્રમને વાસ્તવિક જીવનમાં પણ અપનાવી સમાજના લોકો વધુને વધુ વૃક્ષો વાવી તેમનું જતન સંવર્ધન કરવામાં જોડાય. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થિનીઓને ગ્લોબલ વોર્મિંગની પર્યાવરણ પર થઈ રહેલી વિઘાતક અસરોથી વાકેફ કરીને તેનાથી બચવાનો એક માત્ર ઉપાય વધુને વધુ વૃક્ષોની વાવણી કરવા જણાવ્યું હતું.



રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા પોલિયોની સફળતા બાદ સંપૂર્ણ સાક્ષર ભારત મિશનની શરૂઆત કરવામાં આવી છે. આ ઉદ્દેશ માટે ઈન્ડિયા લિટરસી મિશન દ્વારા 'ટીચ' કાર્યક્રમની રચના કરવામાં આવી છે. આંતર રાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે 'ટીચ' કાર્યક્રમ અંતર્ગત એડલ્ટ લીટરસીનો કાર્યક્રમ રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા દહેગામ તાલુકાના હરમજીના મુવાડા ગામે સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યો હતો. ગામના ૨૫ વિદ્યાર્થીઓએ ગામના ૨૫ નિરીક્ષર વ્યક્તિઓને સાક્ષર બનાવવાનું બીડુ ઝડપ્યું હતું.

## ચૌધરી કોલેજ-બીસીએ ખાતે 'કરંટ ઈન ટ્રેન્ડસ' વિષયે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (બીસીએ પ્રોગ્રામ)માં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અવારનવાર સહ અધ્યયન પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. તેમાં શિક્ષણની સાથે સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

બીસીએની વિદ્યાર્થીનીઓને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં ઉજજવળ તક મળે એ માટે ચૌધરી બીસીએ કોલેજમાં 'કરંટ ઈન ટ્રેન્ડસ' વિષય ઉપર સેમિનાર યોજવામાં આવ્યો હતો જેમાં ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ દ્વારા વિદ્યાર્થીનીઓને આજે જે બાબતોમાં સૌથી વધુ રસ છે અને જે બાબતે સૌથી વધુ ઉત્કંઠા છે તેવા સૅલ્યુલર ટૅકનોલૉજી (મોબાઈલ ટૅકનોલૉજી) બાબતે વિગતે પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

નિષ્ણાત દ્વારા વિદ્યાર્થીઓને મોબાઈલ એપ્લિકેશન, કલાઉડ ટેકનોલોજી અને ઈન્ફોર્મેશન સિકયોરીટી વિષે વિશદ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા આ બાબતના છેલ્લામાં છેલ્લા ફેરફારો જણાવવામાં આવ્યા હતા. સેમિનારના અંતે વિદ્યાર્થીનીઓએ પ્રશ્ન પુછી વધુ માહિતી મેળવી હતી.

આ સેમિનારના ઈન્ચાર્જ ચૌધરી કોલેજના અધ્યાપિકા સર્વાંગી શાહ અને ડાયરેક્ટર પ્રશાંત વાઘેલા છાશવારે આવા કાર્યક્રમો યોજીને ઉગતા છોડને પાણી સિંચવાનું કાર્ય કરી રહ્યા છે.

# માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે મહિલા કાનૂની સલાહ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

અડાલજ સ્થિત માણેકબા ડી.એલ.એડ. કોલેજ અને સિધ્ધાર્થ લો કોલેજના સંયુકત ઉપક્રમે મહિલા કાનૂની જાણકારી અંતર્ગત સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં આચાર્ય સુરેખાબેન ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

સિધ્ધાર્થ લો કોલેજના આચાર્ય દિલિપભાઈ મેવાડાએ પ્રશિક્ષણાર્થી બહેનોને દહેજ પ્રથા, બળાત્કાર, લગ્ન પ્રથા, બાળલગ્ન પ્રતિબંધક ધારો, લગ્નના વિવિધ પ્રકારોની કાયદાકીય મૂલવણી, સ્ત્રીઓના વિવિધ પ્રકારના જાતીય શોષણ અંતર્ગત વિવિધ યોજનાઓ, વેશ્યાવૃત્તિ, જાતિય પરીક્ષણ, ગર્ભપાત વગેરે માટેની કાયદાકીય જોગવાઈઓ અંગેની પૂરતી માહિતી પૂરી પાડીને સ્ત્રી સશકિતકરણ માટેનું જોમ પુરું પાડયું હતું. સ્ત્રીને અબળા નહી સબળા બનવાની જરૂર છે. જે બાબતને કાયદાની રૂપરેખા દ્વારા સ્પષ્ટ કર્યું હતું.

આ કાર્યક્રમમાં બંને સંસ્થાઓના સમગ્ર સ્ટાફ અને પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે સંસ્થાના અધ્યાપિકા અયનાબેન પટેલે આભારવિધિ કરી હતી.

## સેકટર-૧ના તેજસ્વી તારલાઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૦

પેન્શનર્સ સમાજ સેકટર-૧ ગાંધીનગરના પ્રમુખશ્રી એસ.ડી.આર. મલીકના જણાવ્યા પ્રમાણે સે-૧માં રહેતા દરેક નિવાસીઓના બાળકોએ આ વર્ષે ધો-૧૦ કે ધો-૧૨ની પરીક્ષાઓમાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમજ સે-૧ના નિવાસી હોય તેવા બાળકોનું સન્માન કરવાનો કાર્યક્રમ ઉત્સવ સમિતિ સે-૧ તરફથી નવરાત્રી ઉત્સવ દરમિયાન યોજાશે તો ધો-૧૦ કે ધો-૧૨ની માર્કશીટની ઝેરોક્ષ નકલ પર પુરેપુરી વિગતો સગપણ, ટેલિફોન નંબર, સરનામું, બાળકનું વાલીના નામ સાથે સરનામું તા. ૨૫મી સપ્ટેમ્બર સુધીમાં પહોંચાડવાની રહેશે. શ્રી એસ.ડી. આર. મલિક પ્રમુખશ્રી પ્લોટ નં. ૨૫૧, શ્રી અશોકભાઈ શાહ મંત્રી પ્લોટ નં. ૨૬૧/૨, શ્રી જે.એલ. શાહ ખજાનચી પ્લોટ નં. ૨૪૮/૧, શ્રી જે.પી. વ્યાસ, પ્લોટ નં. ૨૩૫/૧ ખાતે પહોંચાડવા જણાવેલ છે.

# જીઆઈપીએસ ખાતે વિદ્યાર્થીઓ માટે અનોખા પ્રકારનો માર્ગદર્શક કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ, રાંધેજા ખાતે વિદ્યાર્થીઓ માટે મસીહા બનીને આવેલી મ્યુઝીકલ ટીમ દ્વારા જીવનમાં આવેલા બ્રેક-અપને ઉત્સાહરૂપી પ્રેરણા, સંગીત, સ્પીટ, સ્ક્રીપ્ટ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ગૉડ, ખુદા, ઈશ્વર જ સમર્થ છે કે કરેલા પાપને નાશ કરી નવું જીવન બક્ષે છે. જેમ જમીન પર પડેલા બીજ અને જમીનમાં પડેલા બીજમાં ઘણો તફાવત છે તેમજ ઈશ્વરની પાત્રતા કેળવેલા મનુષ્ય અને સામાન્ય મનુષ્ય વચ્ચે તફાવત હોય છે. ઈશ્વર આપણને કંઈપણ બનવા પ્રેમ આપે છે. જો જીવનમાં આપણે પોતે જ પોતાને નહીં છેતરીએ તો બધી જ દુશ્મની આપોઆપ ખત્મ થઈ જશે. જીવનમાં થયેલી ભૂલને સ્વીકારવી એ જ મહાનતા છે. જીવનને પરિવર્તિત કરવા માટે આનંદ, અફસોસ, ગીત જરૂરી છે. કોઈપણ વ્યક્તિના જીવનની સફળતામાં ડોકિયું કરશો તો જણાશે કે તેણે વડીલો, શિક્ષકો, સંતોની આજ્ઞાનું પાલન કર્યું જ હશે. અલબત્ત, સફળ જીવન જીવવાનો પાયો એક જ છે.

# હું સ્વયં મારો જીવનશિક્ષક બન્યો છું



## વાત-વાતમાં
કુંતલ નિમાવત

'મારી કારકિર્દીનું રહસ્ય એ છે કે હું સ્વયં મારી જાતનો શિક્ષક બન્યો છું, હરપળ, હરઘડી મેં મારી જાતને ટપાર્યા કરી છે, શિક્ષણ આપ્યા કર્યું છે અને મારી દરેક ભૂલમાંથી હું પદાર્થપાઠ લેતો રહ્યો છું. એક વખત કરેલી ભૂલને મેં હંમેશાં ધ્યાનમાં રાખી છે અને એ ભૂલનું પુનરાવર્તન થવા દીધું નથી. જીવનના અનુભવોમાંથી જ મેં ઘણી બધી શિક્ષા મેળવી લીધી છે અને એટલે અત્યારે મારી કારકિર્દીને આ વળાંક સુધી પહોંચાડી શક્યો છું. અલબત્ત, આ મારો ઈચ્છીત મુકામ નથી, હજુ તો ઘણી સફર કરવાની બાકી છે.'

આ શબ્દો છે ગાંધીનગરના જ રહેવાસી પ્રહર અંજારિયાના, જેઓ રંગોલી ગૃપ ઑફ ઈન્સ્ટીટ્યુટ્સના સ્થાપક અને ચૅરમૅન છે. અલબત્ત, તેઓ હંમેશાં પોતાનાં કામમાં જ વ્યસ્ત રહ્યા છે, જાહેરમાં બહુ આવ્યા નથી અને પોતાનું નામ મોટું કરવામાં એમણે ક્યારેય સક્રિય રસ પણ દાખવ્યો નથી. એમના જ શબ્દોમાં કહીએ તો 'મારું નામ લોકોમાં ખૂબ ઓછું જાણીતું છે, પરંતુ જે બ્રાન્ડ મેં ઊભી કરી છે એનું નામ ખૂબ જાણીતું છે. અને બિઝનૅસ પોઈન્ટ ઑફ વ્યૂ કહું તો મારી બ્રાન્ડનું નામ જાણીતું થવું એ જ મારા વ્યાવસાયિક કાર્યની સફળતા છે.'

ગાંધીનગરમાં વસતાં સરકારી કર્મચારી દંપતિ ધૃતિબેન અને જ્યોતિષભાઈ અંજારિયાના પુત્ર એવા પ્રહર અંજારિયાએ અભ્યાસ પણ ગાંધીનગરમાં જ કર્યો અને નિરમા ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ ખાતે ઍન્જિનીયરીંગ પૂર્ણ કર્યું. એ પહેલાં એમનામાંનો વ્યવસાયી જાગૃત થઈ ચૂક્યો હતો. પિતા પાસેથી થોડી મૂડી લઈ સિઝનલ ધંધામાં ઝંપલાવ્યું,








કમાઈ ન શક્યા. એમાં જે ભૂલો થઈ તે સુધારીને ફરીવાર ધંધામાં ઝુકાવ્યું, નુકસાની અટકાવી શક્યા પરંતુ નફો ન લઈ શક્યા. એમ કરતાં કરતાં દરેક ભૂલમાંથી શીખતા ગયા ને પોતાની જાતને તૈયાર કરતા ગયા.

ઍન્જિનીયરીંગ પૂર્ણ કર્યા બાદ ફૉર્ચ્યુન-૫૦૦માં સામેલ પ્રતિષ્ઠિત ઍબટ ઍન્જિનીયરીંગ, મુંબઈ સાથે જોડાયા. 'અનુભવોમાંથી શિક્ષા'ની ટેવ અને અનોખી દષ્ટિને કારણે કંપનીમાં ઉચ્ચ સ્થાન સુધી પણ પહોંચ્યા ને નાણાં પણ કમાઈ શક્યા, પરંતુ માંહ્યલો એનાથી સંતુષ્ટ નહોતો. એનામાં રહેલી અનોખી દષ્ટિ કંઈક અનોખું કરવા માટે સતત અવાજ આપતી રહી હતી. એ અવાજને સાંભળ્યો-ન સાંભળ્યો કરવાનો પ્રયત્ન પણ કરી જોયો, પરંતુ આખરે એ અવાજ ન ખાળી શકાય એવો બન્યો ત્યારે એમણે અવાજને સાંભળવાનું જ યોગ્ય માન્યું ને કંપનીને સન્માનપૂર્વક અલવિદા કહી પોતાના રસ્તે આગળ વધી ગયા.

શું કરવું એ માટે પૂરતું મનોમંથન કરી જોયું. પોતાની અનોખી દષ્ટિને બિઝનેસમાં ઉપયોગમાં લેવી એ બાબત તો સ્પષ્ટ હતી જ, પછી શિક્ષણક્ષેત્રમાં આ દષ્ટિ ઉપયોગી થશે એવું દઢ થયું ને દઢ થયા પછી એમણે પાછું વળીને જોયું નથી.

૨૦૦૯માં રંગોલી નામથી પ્રથમ પ્રિસ્કૂલ વડોદરામાં શરૂ કરી. એનો અનુભવ એટલો સફળ રહ્યો કે આજે ગુજરાત (૫૩) અને મધ્યપ્રદેશમાં ૫૫ જેટલી રંગોલી પ્રિસ્કૂલ બાળકોનાં જીવનનો વિકાસ કરી રહી છે. આ ઉપરાંત ગાંધીનગર અને મહેસાણા ખાતે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ અને ઘુમા, અમદાવાદ તથા વડોદરા ખાતે રંગોલી પ્રાઈમરી સ્કૂલ પણ સફળતાપૂર્વક ચાલી રહી છે.

ગુણવત્તાસભર શિક્ષણની સાથે-સાથે વાલીઓની અપેક્ષા અને વાસ્તવિક રીતે બાળકોને શેની જરૂરિયાત છે એ બાબતની સ્પષ્ટ દષ્ટિ સાથે 'લર્નીંગ બાય ડુઈંગ'ની વિચારધારા રંગોલીને જેટલી ફળી છે તેટલી જ તેના વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ ફળી છે.

ઉલ્લેખનીય છે કે બ્રાન્ડ ઍકેડેમી, ન્યૂ દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૫માં રંગોલી પ્રિસ્કૂલને નૅશનલ ઍજ્યુકેશન ઍક્સલન્સ ઍવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. ગાંધીનગરના એક મધ્યમવર્ગીય પરિવારના આ પુત્ર આજે એક સફળ વ્યવસાયી છે અને રાજ્યના સીમાડા વટાવી પોતાના વ્યવસાયને આગળ વધારી રહ્યા છે એ ગાંધીનગર માટે ગૌરવની વાત છે.

આ સફળતાનું શ્રેય પ્રહર અંજારિયા પોતાનાં પત્ની, રંગોલીનાં સહસ્થાપક, ઍમડી અનામિકા અંજારિયા, સમગ્ર ટીમ અને ફ્રેન્ચાઈસીને પણ આપે છે. એમના જ શબ્દો છે, 'અમારે ત્યાં દરેક વ્યક્તિ પોતાનું કામ નિષ્ઠાથી કરે છે. એને કારણે અમને પ્રતિષ્ઠા મેળવવા માટે ક્યારેય પ્રયત્ન નથી કરવો પડ્યો. અમારાં કામરૂપી પુષ્પની સુગંધ જ સફળતારૂપી ભ્રમરને અમારા સુધી ખેંચી લાવે છે.'

'ભવિષ્યમાં તો ઘણું કરવું છે' એવા શબ્દોનું અનુસંધાન પ્રહર અંજારિયા આ શબ્દોથી કરે છે, 'આપણે ત્યાં શિક્ષણક્ષેત્રને ઈન્ડસ્ટ્રી તરીકે સ્વીકારવામાં આવે તો આ ક્ષેત્રનો વિકાસ હજુ અનેકગણો વધારી શકાય તેમ છે.' એમના આ શબ્દો બહુ ગહન છે, એમાં શિક્ષણના ઉદ્યોગીકરણની નહીં પરંતુ શિક્ષણક્ષેત્રને ઉદ્યોગની જેમ ટ્રીટ કરવાની, જાળવવાની, વિકાસ કરવાની બહુ વિચાર માગી લેતી વાત સમાયેલી છે.

એમની અનોખી દષ્ટિ આજે જેમ રંગોલી સ્વરૂપે સમાજમાં મહેકી રહી છે એવી જ રીતે શિક્ષણક્ષેત્ર માટે એમનું ઉપયોગી સૂચન પણ સમાજને કલ્યાણરૂપ થાય એવી આશા સાથે ગાંધીનગરના આ પનોતા પુત્ર સફળતાના ઈચ્છીત મુકામ સુધી પહોંચે એવી સમગ્ર ગાંધીનગર વતી શુભકામનાઓ!